# આરબજગતનો પ્રજાકીય અજંપો

એકવીસમી સદીનો આ સમય પ્રજાના નવા મિજાજની પ્રતીતિ કરાવી રહ્યો છે. સાહિત્ય અને શાંતિના નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ચીનના ગાઓ ઝિંગ જિયાં અને લિયુ ઝાઓબા સરકારની ખફગીનો ભોગ બન્યા છે. આમ કેમ ? વિકાસના ઊંડા મુકામ અને રાજકીય પરાધીનતાની સંકુચિત મનોવૃત્તિ વચ્ચે મેળ બેસાડવાનું કામ હંમેશાં અતિશય અઘરું હોય છે, લગભગ અશક્ય હોય છે. તે પછીના માત્ર ત્રણેક મહિનાના સાવ ટૂંકા ગાળામાં ટ્યુનિશિયા, ઇજિપ્ત અને હવે લિબિયાની ઘટનાઓ આ સંદર્ભમાં ભારે સૂચક છે.

રાજકારણીઓની એક જમાત રાજ્યને સર્વેસવા માની સત્તાની આરાધના કરતી હોય છે. એમ બને ત્યારે વ્યક્તિ, સમાજ કે પ્રજાનાં હિતોને તે ક્રમશઃ બાજુ પર ધકેલી ગૌણ બનાવી દે છે. એ સાથે વ્યક્તિની સ્વતંત્રતા અને સમાજની સેવાનો છેદ ઉડાડી શાસકો સત્તાના દુરુપયોગમાં ગરકાવ થઈ જાય છે. શાસકની સત્તા અમર્યાદ અને સર્વવ્યાપી બને છે. આવે સમયે સત્તાધારી શાસક ખુદને જ સર્વોચ્ચ, સંપૂર્ણ અને પરમ વ્યક્તિ માની આખરી અને અંતિમ સત્તાથી આગળ વધે છે. આ વાતાવરણમાં વ્યક્તિ અને સમાજ તેનું વ્યક્તિત્વ, લાક્ષણિકતા અને ઓળખ ગુમાવી બેસે છે. ભૂતકાળમાં રાજાશાહીઓ, સામ્યવાદ, નાઝીવાદ, ફાસીવાદ આ સર્વસત્તાવાદી લક્ષણો દ્વારા આગળ વધ્યા અને ખુદનો જ સર્વનાશ નોતર્યો.

તાજેતરમાં ટ્યુનિશિયા, ઇજિપ્ત અને લિબિયાની ઘટનાઓ આ જ રાજમાર્ગના આધુનિક સ્વરૂપને વ્યક્ત કરે છે. સર્વસત્તાવાદનું આ આધુનિક સ્વરૂપ બે બાબતો છતી કરે છે. એક, આ સર્વસત્તાવાદી શાસકો પ્રારંભે પ્રજામાંથી નેતૃત્વ ઊભું કરીને, પ્રજાના પ્રચંડ સમર્થનનું ચિત્ર ઊભું કરીને સત્તા મેળવે છે. શરૂમાં પ્રજાહિતનાં થોડાં કાર્યો કરી જાહેર જનતામાં લોકચાહના ઊભી કરી તેમનો વિશ્વાસ અંકે કરે છે. સત્તારૂઢ થયા પછી તેઓ ખુદને જ અનિવાર્ય સમજી સત્તા પર ચીટકી જાય છે અને પ્રજાનાં હિતોનો છેદ ઉડાડે છે. એમ કરતાં કરતાં લાંબા ગાળે તેઓ પ્રજાથી વિમુખ બનીને જોર-જુલ્મના બંને હોદ્દા પર ટકી રહે છે. પ્રજા સાથેનો તેમનો નાતો પૂરેપૂરો કપાઈ જાય છે અને શેષ રહી જાય છે માત્ર સત્તાપરસ્તી. એક માત્ર અમાનુષી સત્તાને સહારે તેઓ શાસક, શોષણખોર શાસન બની ટકી રહે છે.

બીજું, બીજા વિશ્વયુદ્ધ (૧૯૩૯–૪૫) પછીની આ આપખુદશાહીઓ તે પૂર્વે આપખુદશાહીઓથી જુદી એ રીતે પડે છે કે તેમાં ભારોભાર શાસકીય ભ્રષ્ટાચાર છે. હિટલર, મુસોલિની કે એવા આપખુદ શાસકોએ નાણાકીય ભ્રષ્ટાચાર કર્યો હોવાના, તેમનાં બેંક ખાતાંઓમાં અસાધારણ મોટી જમા રાશિ હોવાના પુરાવા નથી. પરંતુ ટ્યુનિશિયાના શાસકો, ઇજિપ્તના હોસ્ની મુબારક કે કર્નલ ગદ્દાફી અઢળક નાણાં એકત્ર

કરી તેમના જ રાષ્ટ્રને બેશરમીથી લૂંટી શકે છે. એ અર્થમાં બીજા વિશ્વયુદ્ધ પૂર્વેના આપખુદ શાસકો રાષ્ટ્રવાદી જણાયા છે. દેશને માટે સત્તાનો મનસ્વી ઉપયોગ – દુરુપયોગ તેમણે કર્યો છે ખરો પણ તગડી બૅંક-રાશિ ભેગી ન કરીને તેમણે તેમની રાષ્ટ્રવાદી હોવાની છાપ અકબંધ રાખી છે. તેઓએ દેશ–પ્રજાનાં નાણાંની ઉચાપત કરી નથી અને દેશ છોડીને ભાગ્યા નથી.

ઇજિપ્તના આંદોલને વ્યાપક પ્રજાકીય અસંતોષનો નવો રાહ બતાવ્યો છે. સત્તાને જોરે આજ સુધી ટકી રહેલા શાસકોને પ્રજાએ પડકાર ફેંકીને સત્તા છોડવા પડકાર્યા છે. ઇજિપ્તનું આ આંદોલન મહદ્ અંશે સ્વયંભૂ રહ્યું છે. પ્રજા પરિવર્તન ઇચ્છે છે તે સ્પષ્ટ છે. લગભગ અઢાર દિવસના આંદોલનને અંતે હોસ્ની મુબારક સરકારનું પતન થયું. તેમના શાસનના વિરોધમાં પ્રજાના તમામ વર્ગો જોડાયા. આમઆદમી ત્રસ્ત જીવન સાથે અસ્તવ્યસ્ત જિંદગીથી પરેશાન છે. ટ્યુનિશિયા અને ઇજિપ્ત પછી લિબિયા, બેહરીન અને સીરિયા પણ આ જ રસ્તે છે.

આ સાથે બીજી એક બાબત લગીરે નજરઅંદાઝ ન થવી જોઈએ કે ક્રાંતિ કર્યા પછી, જે તે શાસકોને પદભ્રષ્ટ કર્યા પછી નવી અને સ્થિર શાસનવ્યવસ્થા ઊભી કરવાનું કામ અતિવિકટ હોય છે. ઇજિપ્તમાં આ કામ ૨૦૦૫ના શાંતિ માટેના નોબેલ પારિતોષિક-વિજેતા મોહમ્મદ અલબારદેઈને હિસ્સે આવશે તેમ જણાય છે. તેઓ ત્યાંની ઇન્ટરનૅશનલ એટોમિક એનર્જી એજન્સીના ડાયરેક્ટર જનરલ હતા. આ સંસ્થાએ ન્યુક્લિયર શસ્ત્રોનો ફેલાવો અટકાવવા માટે તેમજ આ શસ્ત્રોનો સહીસલામત અને શાંતિમય ઉપયોગ કરવાના માર્ગોને પ્રોત્સાહિત કર્યા હતા. તેઓ નવી સરકાર કેવી રચે છે તેના પર બધો મદાર છે. આ સિવાય ત્યાં મુસ્લિમ બ્રધરહુડ કદાચ સત્તા પર આવે તેવો ભય સેવાય છે. ઇજિપ્ત મુસ્લિમ રાષ્ટ્ર છે પરંતુ ત્યાં મધ્યમવર્ગ શિક્ષિત અને બુદ્ધિશાળી છે. તેઓ ધાર્મિક કટ્ટરતાવાદને સહેલાઈથી તાબે નહીં થાય. છતાં જો આમ બને તો નવી શાસકીય વ્યવસ્થા ગોઠવવાની કસરત જોખમી બની રહેવાની. આમ થાય તો ઇજિપ્તનું ભાવિ અંધકારમાં અથડાયા કરે તેમ બને.

ઇજિપ્તમાં હોસ્ની મુબારકની સત્તાની સમતુલા હાલકડોલક થવા સાથે સમગ્ર આરબજગતમાં ભારે ખળભળાટ પેદા થયો છે. ભ્રષ્ટાચાર, વંશપરંપરાગતતા, સગાંવાદ અને શાસનવિહીનતાની અવસ્થાઓને આરબજગત પડકારી રહ્યું છે.

લિબિયામાં પણ સત્તાનો બેફામ ઉપયોગ કરી નાગરિકોને મોતને ઘાટ ઉતારવામાં ગદ્દાફી સરકાર નાનો શો થડકારોય અનુભવતી નથી. નાગરિકો ટ્યુનિશિયા અને ઇજિપ્તને પગલે લોકશાહી તરફી દેખાવો અંગે સક્રિય છે. પ્રજા લોહિયાળ દિવસોનો સામનો કરી રહી છે. આરબજગતની પ્રજાકીય અજંપાની આ ગરમ હવા ઘણા શાસકોને દઝાડશે અને પતન ભણી દોરી જશે તેમાં ભાગ્યે જ કોઈ શંકા છે.

**– રક્ષા મ. વ્યાસ**

# ગાંધીકથા

ગાંધીજીનાં વિચાર, વાણી તથા વર્તન સાથે પ્રગાઢ અનુસંધાન ધરાવતા; ભૂદાન, સર્વોદય, શાંતિસેના જેવી ગાંધીજીપ્રિય રચનાત્મક પ્રવૃત્તિઓમાં અનેક વર્ષોથી સક્રિય રહેનારા નારાયણભાઈ આજના ગાંધીજનોમાંયે અનન્ય જ લેખાય. ગાંધીજીના વહીવંચા હતા મહાદેવભાઈ. તો એમના આ પનોતા પુત્રને ગાંધીજીના જીવન-કાર્યના અધિકૃત ને સર્વોત્તમ પ્રવક્તા કહેવા જોઈએ. આવા નારાયણભાઈ એક બાજુએ 'મારું જીવન એ જ મારી વાણી' જેવો ગાંધીજી-વિષયક સર્વોત્તમ ચરિત્ર-ગ્રંથ આપીને તો બીજી બાજુ તેમના વિશેનાં કથા-પારાયણો કરીને આજની પેઢી સમક્ષ ગાંધીજીની શ્રદ્ધેયતા તથા પ્રસ્તુતતા કેટલી બધી છે તેનો વળીવળીને સાક્ષાત્કાર કરાવતા રહે છે અને ભવિષ્યમાં પણ ગાંધીજીનો માર્ગ આત્મવિકાસ, રાષ્ટ્રવિકાસ તથા વિશ્વવિકાસમાં કેટલો બધો ઉપયોગી થઈ શકે એવો છે તેનુંયે ભાન તેઓ કથા દરમિયાન કરાવતા રહે છે.

તેઓ પ્રત્યેક દિવસની ગાંધીકથાનો પ્રારંભ ગાંધીજી સાથે સંગત એવી વિચારધૂનના ગાનથી કરે છે. અહીં તેઓ પરમાત્માને, મહાત્માને અને પછી લોકાત્માને પ્રણામ કરી પોતાની ગાંધીકથાની જરૂરી ભૂમિકા બાંધે છે. તેઓ પોતાની ગાંધીકથા સુખના ગુણાકાર માટે હોવાનું – ઉમંગની વહેંચણી માટે હોવાનું જણાવે છે. આ ગાંધીકથા કહેતાં નારાયણભાઈ બદલાતા દેશકાળમાં ગાંધીસત્ત્વ શું છે તેની સમજ આપે છે. તેઓ ગાંધીજી જેના કારણે 'મોહન'માંથી 'મહાત્મા' થયા તે સત્ય-અહિંસાની ચમત્કારી શક્તિનો ખ્યાલ આપે છે. એમ કરતાં ગાંધીજીનાં જ વિચાર-વાણી ને કાર્યનો વિસ્તાર-પ્રસાર કરીને વર્તમાન પેઢીને હાનિ કરે, ભ્રષ્ટ કરે એવાં આંતરબાહ્ય પ્રદૂષણોથી ચેતવવાનું ને ઉગારવાનું સંનિષ્ઠ ગાંધીજનને છાજતું પોતાનું કર્તવ્ય આવી ગાંધીકથાઓ દ્વારા તેઓ ૮૬ વર્ષની પાકટ વયે પણ ઉત્સાહ ને સ્ફૂર્તિથી કરે છે.

ગ્રંથાકારે પ્રકાશિત થયેલી આ ગાંધી-કથા અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશન તરફથી ઈ. સ. ૨૦૦૫માં ૧૮ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર દરમિયાન યોજાયેલી. એના આયોજનમાં સંસ્કાર અને સાહિત્યમાં ઊંડો રસ લેનારા શ્રી નીતિનભાઈ શુક્લની પ્રેરણા હતી. વળી તેમના પ્રયાસથી નારાયણભાઈની ગાંધીકથાનું પહેલવહેલું પ્રકાશન ગુજરાતીમાં થયું. એમાં સર્વશ્રી પદ્માબહેન ભાવસાર તથા ભદ્રાબહેન સવાઈ જેવી ગાંધીપ્રેમી સન્નારીઓએ સંપાદનકાર્યની જહેમત ઉઠાવી.

પ્રસ્તુત પુસ્તકમાં પ્રારંભે જ ડૉ. ધીરુભાઈ ઠાકરે 'ગાંધીકથા : લોકજાગૃતિ અને આત્મશુદ્ધિનો અદ્ભુત પ્રયોગ' – એ આમુખ-લેખમાં ભાગવતકથાથી નારાયણભાઈની ગાંધીકથા કઈ રીતે વિશિષ્ટ કે અલગ પડે છે તે સુંદર રીતે બતાવ્યું છે. વળી તેમાં તેમણે નારાયણભાઈએ સાત દિવસ સુધી જે ગાંધીકથા કરી તેનો દિવસવાર સારાંશ પણ તારવી આપ્યો છે.

નારાયણભાઈની આ કથામાં ગાંધીજીના સત્ય શીલની – એમના દૈવતની કઈ રીતે ઉત્ક્રાન્તિ થઈ, તેનો ઉત્તરોત્તર વિકાસ-વ્યાપ કઈ રીતે સધાતો ગયો તેની પ્રમાણભૂત ને રસપ્રદ વિગતો પીરસાઈ છે અને તે પણ લોકભોગ્ય એવી કથનશૈલીમાં. નારાયણભાઈ ગાંધીજીનો સત્યાગ્રહ, તેમનો રચનાત્મક કાર્યક્રમ તથા તેમનાં એકાદશ વ્રતોનો જન્મ દક્ષિણ આફ્રિકામાં થયાનું જણાવે છે. બૌદ્ધ ધર્મગ્રંથ 'ત્રિપિટક' પછીના મહત્ત્વના ગ્રંથ તરીકે ઉલ્લેખાયેલા ગાંધીજીના 'હિન્દ સ્વરાજ' ગ્રંથની ભૂમિકા કઈ રીતે બંધાઈ, તેમાં પ્રગટ થતું ગાંધીજીનું દર્શન કઈ રીતે તેમના અંગત તથા જાહેરજીવનમાં પ્રગટ થતું ગયું તેની પણ અહીં રસપ્રદ રજૂઆત છે.

કથાકાર તરીકે નારાયણભાઈ શ્રોતાવર્ગનો ખ્યાલ કરીને તેમની કહેણીને બને તેટલી સુગ્રાહ્ય અને આકર્ષક બનાવવા માટે સભાનતા રાખે છે. આવશ્યકતા અનુસાર સંગીત સાથે કેટલીક ગેય પદ્યરચનાઓનો ઉપયોગ કરીને પોતાની આ કથાના મર્મબોધને વધુ પ્રભાવક રીતે શ્રોતાઓ સમક્ષ રજૂ કરે છે. આ 'ગાંધીકથા' દ્વારા નારાયણભાઈ ૧૮૬૯થી ૧૯૪૮ સુધીના તથા તે પછીના સ્વતંત્ર ભારતના સમયપટને પોતાની ઊંડળમાં લઈ, ગાંધીજીના સેવાકાર્ય ને શક્તિપ્રભાવનો જાણે આંખે દેખ્યો અહેવાલ આપણને સંભળાવે છે.

ગાંધીજીના સાત્ત્વિક પુરુષાર્થમાં આત્મશાંતિથી વિશ્વશાંતિ સુધીના, આત્મોદયથી સર્વોદય સુધીના રચનાત્મક વિકાસનો પટ કેવો આવરી લેવાયો છે તેનું અહીં પ્રેરક, પ્રોત્સાહક ને પ્રમાણભૂત દર્શન પ્રાપ્ત થાય છે. ૮૯ ગાંધી-કથાઓ કરી ચૂકેલા ગાંધીજીના 'બાબલા' નારાયણભાઈની ગાંધીજી-વિષયક અન્ય કથાઓ પણ આપણને આ રીતે ગ્રંથ-સ્વરૂપે મળતી રહે એવી અપેક્ષા આ 'ગાંધીકથા'ના દર્શન-વાચનના કારણે જાગે છે. ભવિષ્યની આવૃત્તિમાં આ કથામાં રહી ગયેલી જોડણી આદિની અશુદ્ધિઓ નિવારી લેવાશે એવી આશા છે. ગાંધીજીવનનું સત્ત્વશીલ દર્શન ને પથ્ય વાચન પૂરું પાડનાર 'ગાંધીકથા'ના આ રૂપકડા પ્રકાશનને તો વધામણાં જ હોય !

**– ચંદ્રકાન્ત શેઠ**

(છઠ્ઠા પાનાનું ચાલુ)

ભારતની ૨૦ ભાષામાં બાળકોને સેંકડો કૉમિક બુક આપી. તેમણે દેશનાં બાળકોને આપણા ઇતિહાસ અને સંસ્કૃતિનો રસભર્યો પરિચય આપી સમૃદ્ધ કર્યાં છે. બાળકોને પોતાનાં સાંસ્કૃતિક મૂળ સાથે જોડાયેલાં રાખવામાં ઘણી મદદ કરી. આજે પણ ૨૦ ભાષામાં તેની ૩ કરોડ નકલો વેચાય છે. એ તેમની ઘણી મોટી દેશ-સેવા છે જે રાષ્ટ્રીય કક્ષાએ પુરસ્કૃત થવી જોઈતી હતી.

**– રજની વ્યાસ**

# 'અમર ચિત્રકથા'ના પ્રણેતા સ્વ. અનંત પાઈ

૧૯૬૭માં 'ઇન્દ્રજાળ કૉમિક્સ' તરફથી બાળકો માટે દૂરદર્શન ઉપર એક સ્પર્ધા યોજાઈ હતી. તેમાં એક પ્રશ્ન હતો : 'રામની માતાનું નામ શું ?' અને બાળકો એ સવાલનો જવાબ આપી ન શક્યાં. જ્યારે તેઓ ગ્રીસની પુરાણકથાઓ અંગેના પ્રશ્નોના ફટોફટ જવાબો આપતાં હતાં, ત્યારે આ સ્પર્ધા જોનાર 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના બુક ડિવિઝન સાથે સંકળાયેલા મિસ્ટર અનંત પાઈને આઘાત લાગ્યો. એમને થયું કે દેશના સૌથી લોકપ્રિય ગ્રંથ રામાયણ વિશેની આવી સાદી વાત બાળકોને ખબર નથી ? ભારતીય સંસ્કૃતિનો વારસો તો અભરે ભર્યો છે. તેને વિશે વિગતવાર નહિ પણ સામાન્ય ખ્યાલ તો હોવો જોઈએ ને !

શ્રી અનંત પાઈના મનમાં આ વિચાર ઘૂમરાવા લાગ્યો. ભારતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા સાથે બાળકોને જોડવા માટે કાંઈક કરવું જોઈએ. દેશનાં બાળકોનાં ભવિષ્યની ચિંતા કરનારા આ અનંત પાઈ ગયા ફેબ્રુઆરીની ૨૪મીએ આ જગતમાંથી અને બાળકોના વિશ્વમાંથી વિદાય થયા.

૧૭મી સપ્ટેમ્બર ૧૯૨૯ના રોજ કર્ણાટકના કરકલા ગામમાં એમનો જન્મ. તેઓ માત્ર બે જ વર્ષના હતા ત્યારે માતા અને પિતા બંને ગુમાવ્યાં. કોઈક સગાના આશ્રયે અને સહાયે તે મુંબઈ આવ્યા. માહિમની ઓરિએન્ટ સ્કૂલમાં અભ્યાસ કર્યો. મુંબઈ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ લીધું. ઉચ્ચ પદવી કેમિકલ ટૅક્નૉલૉજીની પ્રાપ્ત કરી; પરંતુ યુવાનીમાં તેમના મનમાં તો બાળકોનું મૅગેઝિન પ્રગટ કરવાની ઇચ્છા હતી. ૧૯૫૪માં 'માનવ' પ્રગટ થયું પણ તેનું બાળમરણ થયું.

પોતાના ચિત્તમાં ભરેલા એ ધખારાને માર્ગ આપવા તેઓ અંગ્રેજી અખબાર 'ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના બુક ડિવિઝનમાં જોડાયા. તે જ અરસામાં ટાઇમ્સે 'ઇન્દ્રજાળ કૉમિક્સ' બજારમાં મૂકવાની શરૂઆત કરી. અનંત પાઈ તેમાં જોડાયા.

આપણે આગળ જોયું તેમ એક નાનકડી ઘટનાએ અનંત પાઈના જીવનની દિશા બદલી નાંખી. ઇન્ડિયા બુક હાઉસના જી. એલ. મીરચન્દાનીનો તેમણે સંપર્ક સાધ્યો. બાળકોને ચિત્રવાર્તાનું સ્વરૂપ ખૂબ પ્રિય હોય છે. તે માધ્યમમાં પુરાણ અને ઇતિહાસની કથાઓ આપી તેમને આપણા સાંસ્કૃતિક-ઐતિહાસિક મૂળ સાથે જોડવાનો એક પ્રૉજેક્ટનો વિચાર આવ્યો. તેને અજમાવી જોવા 'ઇન્ડિયા બુક હાઉસ'ના સંચાલકો સાથે વિચાર-વિમર્શ કરી તેમણે રાષ્ટ્રીય એકતા માટે પ્રેરણારૂપ થાય તેવી એક વાર્તા લખી, જે ચિત્રવાર્તા સ્વરૂપે પ્રગટ થઈ. આ પુસ્તિકા ૨૦ ભાષામાં પ્રગટ થઈ અને તેની કુલ ૯,૦૦,૦૦,૦૦૦ (નવ કરોડ) નકલો વેચાઈ ગઈ ! ચિત્રવાર્તાની આ પુસ્તિકાએ જન્મ આપ્યો – ઇન્ડિયા

બુક પ્રકાશનની અત્યંત સબળ પુસ્તિકા-શ્રેણી 'અમર ચિત્રકથાની !' આ પ્રૉજેક્ટમાં અમલમાં મૂકાતાં ઘણી મહત્ત્વની ઘટનાઓ બની.

યુવાનીના ઉંબરેથી જ જેમને બાળસાહિત્યમાં કંઈક વિશિષ્ટ પ્રદાન કરવાની ઝંખના હતી તેવા અનંત પાઈ માટે આવા મોટા પ્રકાશકનો સાથ ખૂબ ઉપકારક બની રહ્યો. ભારતમાં પુરાણકથાઓનો, પૌરાણિક પાત્રોનો અને તે જ રીતે ઐતિહાસિક ઘટના અને પાત્રોનો અઢળક વારસો છે. આ વિષયો પર તેમણે નક્કી કરેલા નકશા મુજબ વાર્તાઓ લખાવીને દેશના ઉત્તમ ચિત્રકારો પાસે ચિત્રો કરાવી પ્રગટ કરવા માંડી. તેમણે પોતે આ પ્રવૃત્તિમાં લેખક, સંપાદક અને પ્રકાશકની વિવિધ જવાબદારી નિભાવી.

બાળકો માટેના સાહિત્યમાં તેમણે એક મોટી દિશા ખોલી આપી; પરંતુ તેમણે આ કાર્ય એટલું વ્યાપક અને સુંદર રીતે કર્યું કે બીજા કોઈ પ્રકાશકે તેમની સ્પર્ધામાં આવવાની હિંમત કરી નહિ. આ ઉપરાંત તેમણે 'કપિશ', 'રામુ અને શામુ', 'ફન લૅન્ડ', 'ફન ટાઇમ' જેવા ફીચર્સની સિન્ડિકેટ પણ બનાવી હતી જે દેશનાં સાપ્તાહિકો – મૅગેઝિનોમાં પ્રગટ થતી રહી. આ ઉપરાંત બાળકોના વિકાસ માટે પર્સનાલિટી ડેવપલમેન્ટનાં નાનાં પુસ્તકો પણ લખ્યાં છે. ૧૯૮૦માં એમણે 'ટિંકલ' બાળમાસિક પણ શરૂ કરેલું. ભારતમાં કાર્ટૂન પટ્ટી તથા કૉમિક્સ વગેરે માટે સિન્ડિકેટ શરૂ કરનારા તેઓ પહેલા હતા. 'અમર ચિત્રકથા' દેશભરના બાળકોમાં અત્યંત લોકપ્રિય થઈ પડી હતી. તેનો અંક પ્રગટ થતાં તેને માટે બાળકો પડાપડી કરે છે.

(અનુસંધાન ચોથા પાને)


## 'વિશ્વવિહાર'ની માહિતી અંગે નિવેદન (ફૉર્મ ૪)

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિસ્થાન | : | અમદાવાદ |
| ૨. | પ્રસિદ્ધિનો ગાળો | : | માસિક |
| ૩-૪. | પ્રકાશક-મુદ્રક | : | કુમારપાળ દેસાઈ (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ |
| ૫. | તંત્રી | : | કુમારપાળ દેસાઈ |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ |
| ૬. | માલિકનું નામ-સરનામું | : | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ |

**૧ માર્ચ, ૨૦૧૧** **કુમારપાળ દેસાઈ (પ્રકાશક)**

# ફિલ્મકલા – સમાજ, સૌંદર્ય અને સત્તા

કલાકાર જ્યારે પોતાની કલાના માધ્યમથી સ્થાપિત મૂલ્યોનો વિરોધ કે ઉપહાસ કરે છે ત્યારે ખરેખર તો એ અસ્તિત્વના ગહનતર સત્યને ખોળી કાઢવાની મથામણ કરતો હોય છે. વૈજ્ઞાનિક પણ પ્રકૃતિનાં નવાં નવાં રહસ્યો ખોળવા તત્પર રહે છે તે પણ કદાચ આવા જ કશાક પ્રચ્છન્ન હેતુથી.

ગેલિલિયોએ જ્યારે દૂરબીનની શોધ કરી ત્યારે રાજાના મહેલની અગાશી ઉપર ઉમરાવોની ઉપસ્થિતિમાં એનું નિદર્શન ગોઠવવામાં આવેલું. અગાશી ઉપરથી દૂર સમુદ્ર પર થતી વહાણોની અવરજવર જોઈને એ નબીરાઓ પ્રભાવિત થયેલા. એમને તરત સૂઝેલું કે યુદ્ધમાં શત્રુઓનાં વહાણો ઉપર નજર રાખવા માટે દૂરબીન નામના આ યંત્રનો ઉપયોગ કરી શકાશે. ગેલિલિયોને તો દૂરબીનનો ઉપયોગ સૂર્યને અને સૂર્યનીય પારના તારાઓ જોવા માટે કરવો હતો. તારાઓ જોઈજોઈને જ તો એણે પોતાની આંખો પણ ગુમાવેલી.

વીસમી સદીના આરંભકાળે મુંબઈમાં પહેલવહેલી મૂવી દર્શાવાયેલી તેમાં કૅમેરા તરફ ધસી આવતી ટ્રેનનું દૃશ્ય હતું. પછીનાં વર્ષોમાં જે શ્રેષ્ઠીઓ બોલીવૂડમાં નાણાં રોકવા એકબીજા સાથે હરીફાઈ કરવાના હતા એ સૌ, બોલીવૂડની ભૂમિ ઉપર દર્શાવાયેલી પહેલવહેલી મુવી જોતાંવેંત આમ પરદા ઉપરથી ઊતરીને પોતાની તરફ ધસી આવતી ટ્રેનથી ફફડી ઊઠી દોડતા ઓપેરા હાઉસના એક્ઝિટ-ડોર ભણી નાઠેલા. એ ઘટના પછી એક આખી સદી પસાર થઈ ગઈ. રંગભૂમિનાં થિયેટરો ભાંગીને સિનેમાઘરો બન્યાં. ને એ ભાંગીને મલ્ટિપ્લેક્સીઝ થયાં. ફિલ્મો લોકજીવનનો ભાગ બની ગઈ.

પેલી ધસમસતી આગગાડીના હરતાફરતા ચિત્રને સર્જનારી સિનેમા નામની જાદુઈ લાકડી વડે હવે તો સાચુકલા માણસો ને સાચુકલી ચીજોને સ્થાને કમ્પ્યૂટરથી રચેલાં રામ-સીતાની મદદથી રામાયણની કથા કહેવાવા લાગી. આ સો વર્ષમાં ફિલ્મો પાડનારા કેટલા બદલાયા, જોનારા કેટલા ઘડાયા, ફિલ્મોની કથા કેટલી બદલાઈ, એ કથા કહેવાની રીત કેટલી બદલાઈ. એ બધા વિશે વિચારીએ તો જોડે જોડે દેશનો સામાજિક-રાજકીય ઇતિહાસ પણ ફેંદવાનો થાય.

જોકે આખીય તપાસને અંતે કદાચ વળતો પ્રશ્ન એમ પણ થાય કે – ક્યાં કશુંય બદલાયું છે ? કોઈકને વળી લાગે કે બદલાવ તો આવ્યો છે, પણ એ આગળ ભણી નહીં પણ પાછળની દિશામાં. તો શું ફિલ્મકલા પારોઠનાં પગલાં ભરી રહી છે ?

## વક્તવ્ય

આપણે એવા કાળમાં જીવી રહ્યા છીએ જ્યારે ઘણું બધું દેખાય છે, પણ જોઈ શકાય છે બહુ ઓછું; ઘણું બધું સંભળાય છે, પણ સાંભળી શકાય છે બહુ થોડું. શું જોવું-સાંભળવું અનિવાર્ય છે એ નક્કી કરવા પાછળ હું જેવો વિવેક દર્શાવું તે ઉપર મારા અસ્તિત્વનો આધાર છે. તે ઉપર મારી જીવનશૈલીનો આધાર છે. તેની ઉપર મારા જીવનની ગુણવત્તાનો મદાર છે. કંઈક આવા પરિદૃશ્ય વચ્ચે સામાજિક વાસ્તવ, સૌંદર્યદૃષ્ટિ અને રાજકીય-સામાજિક-ધાર્મિક એ ત્રણેય પ્રકારની સત્તા – આ ત્રણ બાબતોના સંદર્ભમાં ફિલ્મકલા વિશે વિચારીએ.

કોઈ પણ કલાનો આ ત્રણેય બાબતો સાથે સંબંધ હોય છે જ. આ સંબંધને કલાકાર પોતાની શરતે નિયંત્રિત કરે છે કે સામો પક્ષ એને દિશા ચીંધે છે એની ઉપર કલાના અને કલાકારના સ્વાતંત્ર્યનો આધાર છે. કલાકાર કોઈકની શરતે પોતાની કલાને પરાવર્તિત થતી સાંખી લે છે ત્યારે કલા અને કલાકાર બંને નિમિત્ત હોય છે – એજન્ટ્સ.

નિર્માણના સંદર્ભે ફિલ્મ બીજી લલિતકલાઓની તુલનાએ સમાજ ઉપર સૌથી વિશેષ નિર્ભર છે. ફિલ્મસર્જન માટે આર્થિક અને તંત્રગત સહયોગ રંગભૂમિથી પણ વિશેષ ખપ લાગે છે. એટલે સમાજ સાથે સુમેળનો નહીં પણ વિરોધનો સંબંધ સ્થાપવાનો થાય ત્યારે ફિલ્મકારે પોતાનો એક આગવો પ્રતિ-સમાજ રચવાનો થાય છે.

૧૯૩૦ના અરસામાં ખ્વાજા અહમદ અબ્બાસે ફિલ્મકલા વિશેનાં ગાંધીજીનાં કેટલાંક વિધાનો અંગે એક જાહેર પત્ર લખી અપીલ કરેલી. ઝડપભેર લોકપ્રિય બની રહેલા ફિલ્મોના માધ્યમ વિશે ગાંધીજીએ એવો અભિપ્રાય વ્યક્ત કરેલો કે ફિલ્મો બનાવવાનો હેતુ શૈક્ષણિક કાં તો પ્રકૃતિદર્શનનો જ હોવો જોઈએ. કાલ્પનિક કથાનક ઉપર આધારિત કમર્શિયલ ફિચર ફિલ્મો તરફ ગાંધીજી શંકાની નજરે જોતા હતા. કે. એ. અબ્બાસની દલીલ હતી કે ફિલ્મકલાનો સામાજિક પરિવર્તન માટેના એક પ્રભાવક ઓજાર તરીકે ઉપયોગ કરી શકાય. પ્રેક્ષકને મનોરંજન સાથે મેસેજ પહોંચાડી સામાજિક પરિવર્તનના બળવાન ઓજાર તરીકે એને પ્રયોજવાના મતના એ હતા. ગાંધીજી 'મનોરંજન' નામની ચીજમાં રહેલા કશાક સ્ફોટક તત્ત્વ વિશે સાશંક હતા.

જો ગાંધીજીની ચેતવણીમાં એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીના આગમનની આગાહી સંતાયેલી હતી, તો અબ્બાસસાહેબના ઉત્સાહ પાછળ સમાંતર સિનેમાના ઉદયના સંકેતો પડેલા હતા. આ વાતને સાત-આઠ દાયકા વીત્યા પછી આજે ટેલિવિઝનના પડદા ઉપર રિયાલિટીના નામે વાસ્તવનાં એવાં ચોસલાં પીરસાતા જોવા મળે છે કે કે. એ. અબ્બાસ જ નહીં, ઋત્વિક ઘટક કે સત્યજિત રાય જેવા વાસ્તવવાદીઓ પણ ગાંધીજીના પક્ષ તરફ ઝૂકવા મજબૂર બને.

# વક્તવ્ય

ગાંધીજી જે પ્રકારની ફિલ્મોની હિમાયત કરે છે તેનાં ઉદાહરણો ઉત્તમ દસ્તાવેજી ચિત્રોમાંથી મળી શકે. ૧૯૫૮માં બનેલી ડચ ફિલ્મ ડિરેક્ટર બર્ટ હાન્સ્ટ્રાની 'ગ્લાસ' નામની એક ડોક્યુમેન્ટરી ગ્લાસ ફૅક્ટરીની વિવિધ પ્રક્રિયાઓના આધારે તૈયાર કરવામાં આવી હતી. જાઝ સંગીત સાથે કાચનાં ઉપકરણોની બનાવટના વિવિધ શોટ્સની મૂવમેન્ટ્સને સાંકળીને દિગ્દર્શકે એક વિશિષ્ટ શૈલીની ફિલ્મ તૈયાર કરી હતી. પશુજગત વિશે પણ આ ડચ ડિરેક્ટરે ઘણી ફિલ્મો બનાવી હતી. The Rival World નામની એમની એક ફિલ્મ જીવલેણ રોગો ફેલાવતા જંતુઓ વિશે છે. તો ૧૯૭૩માં બનેલી Ape and Super-Apeમાં એમણે મનુષ્યો અને પશુઓની સામાજિક વર્તણૂકોનો તુલનાત્મક ચિતાર રજૂ કર્યો હતો.

ફિલ્મકલાના હેતુ સંદર્ભે વિશ્વ સિનેમાના પ્રોફેટ ગણાતા લૂઇ બ્યુનેલનો મત પણ સમજવા જેવો છે. Surreal Imageryની રાહે, બ્યુનેલ સમાજના સ્થાપિત મૂલ્યો જ નહીં, કલાની પણ અનેક પરંપરાઓને ધરમૂળથી ઉખેળી એક આગવા સિનેમેટિક નરેટિવને ખેડતા રહેલા. એમણે સિનેમાને કવિતાની ભગિનીકલાનો દરજ્જો આપવા કોશિશ કરી. ગાંધીજી અને ખ્વાજા અહમદ અબ્બાસ બેઉથી જુદો ચીલો ચાતરતો આ મત છે.

એમણે ૧૯૫૧માં Mexican Bus Ride નામની એક ફિલ્મ બનાવેલી જેમાં એક એવા ગામની વાત છે જેના લોકો અત્યંત ગરીબ છે તેથી ચર્ચ અને પાદરીના ખર્ચનો ભાર ઉઠાવી શકતા નથી. તેથી ધર્મસંસ્થા વિના ચલાવી લે છે. પણ ગામની ખૂબી એ છે કે ગામનું એક પણ જણ કોઈ વાતે ગિલ્ટની ભાવનાથી પીડાતું નથી !

બ્યુનેલ સત્તા અને સમાજ બેઉનો પ્રતિસાદ કરવા માટે સિનેમાનો માધ્યમ તરીકે ઉપયોગ તો કરે છે – એટલા પૂરતા એ કે. એ. અબ્બાસના મતના સમર્થક ગણાય – પણ આદિ-મધ્ય-અંતવાળા કથનને બદલે એ કવિતાના તરલ રૂપને અનુસરે છે.

'Cinema : An Instrument of Poetry' નામના લેખમાં એ સિનેમા અને કવિતા બેઉને 'subconscious'ની કલાઓ તરીકે ઓળખાવે છે.

સત્યજિત રાયની ફિલ્મ 'શતરંજ કે ખિલાડી' પ્રેમચંદની વાર્તા ઉપર આધારિત હતી. વાર્તાકાર પ્રેમચંદ ઇતિહાસના એક પ્રસંગનું સચોટ મૂલ્યાંકન કરે છે. ફિલ્મમાં સત્યજિત રાય આ કરવાનું ટાળે છે. એ માત્ર તથ્ય નિરૂપે છે. એક પ્રકારની એન્ટિક્લાયમેક્સ સર્જે છે. ને એ રીતે ૧૮૫૬માં બનેલી ઘટનાને ૧૯૨૪માં લખાયેલી એક વાર્તાને આધારે ૧૯૭૭માં ફિલ્મકૃતિ તરીકે આલેખે છે.

૨૦૧૧ના પ્રેક્ષકને એ ફિલ્મ ૧૮૫૬માં બનેલી ઐતિહાસિક ઘટનાની પૃષ્ઠભૂમિમાં ઈજિપ્ત કે ઈરાનમાં હાલ રચાતા ઇતિહાસને સમાજવાની દૃષ્ટિ ચીંધી શકે છે.

## વક્તવ્ય

ફિલ્મકલાના જે વિવિધ હેતુઓ આપણે નોંધ્યા તે સૌનો જાણે સત્યજિત રાયની ફિલ્મ-વિભાવનામાં સમન્વય સધાય છે. આ સમન્વયની વાત કરતાં પહેલાં સત્તાનાં ત્રણેય પરિબળો (રાજકીય, સામાજિક, ધાર્મિક) ફિલ્મ જેવી જાહેર સામૂહિક કલાને જેના વડે નિયંત્રણમાં રાખે છે તે પરિબળની એટલે કે બજારની વાત કરી લઈએ. ફિલ્મના વાણિજ્ય સાથેના ગાઢ સંબંધનાં અનેક દુષ્પરિણામો આ સો વર્ષમાં જોવા મળ્યાં છે. ગેલિલિયોના દૂરબીનનો ઉપયોગ જેમ યુદ્ધ માટે પણ થયો જ તેમ સિનેમાએ એક તરફ સમાજસુધારણાનું અથવા કવિતા સરખો કલાનો આનંદ આપવાનું કામ તો કર્યું પણ બીજી તરફ બજારપક્ષ વધુ બળવાન કરી ફિલ્મોનો કલાપક્ષ નબળો પાડવામાં પણ ભાગ ભજવ્યો. પરિણામે, ફિલ્મનો દર્શક કલાનો ભાવક બની શકે એ પહેલાં ફિલ્મનો ઉપભોક્તા – કન્ઝ્યુમર બની બેઠો.

રાય અને ઘટક બંનેએ સ્વાતંત્ર્યના ઉદયકાળમાં પોતપોતાની ફિલ્મવિભાવના ઘડી. બંને વાસ્તવવાદી હતા. રાય ઉપર ચિત્રકલાનો અને ઘટક ઉપર રંગભૂમિનો પ્રભાવ હતો. બંને ઝીણવટપૂર્વકનાં પાત્રાલેખનો રજૂ કરતા હતા. તેમ છતાં રાયની ફિલ્મકલાની વિભાવના સામાજિક વાસ્તવના દાયરામાં રહીને પણ સવિશેષ કલાવાદી રહી. ઘટક સેન્ટિમેન્ટલ ભાસે એટલી હદે સામાજિક વાસ્તવ સાથે જોડાયેલા રહ્યા. પણ ફિલ્મકલાને બેઉએ કવિતાસહોદર સરખી સેવી.

આજે સમાંતર ફિલ્મોના પારણામાં ઊછરેલા અનેક ફિલ્મકારો બોલિવૂડના મંડપમાં બિરાજી ચૂક્યા છે. એમાંના મોટા ભાગનાનો તર્ક છે કે માત્ર બે પ્રકારની ફિલ્મો હોઈ શકે – સારી કે ખરાબ.

શુદ્ધ કલાનો છેવટનો આદર્શ મુખ્ય ધારાની ફિલ્મો ક્યારેય પાર પાડી શકે એ વાત હું સ્વીકારી શકતો નથી. તેથી સમાંતર સિનેમાના આંદોલનમાંથી અલગ ચીલો ચાતરી સિફતપૂર્વક, કેવળ 'સારી કે ખરાબ' ફિલ્મોવાળો તર્ક ધરી બોલીવૂડના બજારે બેસી ગયેલા ફિલ્મકારોને બેવફા નહીં તો ભ્રમિત તો જરૂર કહીશ.

**– પરેશ નાયક**

*(શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણીમાં આપેલા વ્યાખ્યાનના અંશો)*

## આપણો વારસો

गुणवज्जनसंसर्गाद् याति स्वल्पोऽपि गौरवम्।
पुष्पमालानुषङ्गेन सूत्रं शिरसि धार्यते।।

ગુણવાન માણસના સંસર્ગથી ખૂબ જ નાની વ્યક્તિ ગૌરવ પામે છે. પુષ્પમાળાના સંગથી સૂત્ર(દોરો)ને મસ્તક ઉપર ધારણ કરવામાં આવે છે.

# જીઓએન્જિનિયરિંગ

ગ્લોબલ વૉર્મિંગના કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે તે હવે સહુ જાણે છે; પરંતુ દુનિયાના દેશોના રાજ્યકર્તાઓ શાહમૃગી મનોવૃત્તિ દાખવી રહ્યા છે. પોતપોતાના દેશમાં ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ વાયુઓ પર જડબેસલાક નિયંત્રણો લાદવા માટે તત્પરતા દાખવવામાં આવતી નથી. આ સમયે ગ્લોબલ વૉર્મિંગને નિયંત્રણમાં રાખવા એક નવો વિચાર આગળ આવી રહ્યો છે. તેને 'જીઓએન્જિનિયરિંગ' કહે છે. આમ તો તે પ્રકૃતિ સાથે ચેડા કરવા જેવી વાત છે તેમ છતાં તેને અજમાવી શકાય તે માટે ટૅક્નૉલૉજી વિકસાવવામાં આવી રહી છે. છેવટના ઉપાય તરીકે તેને અજમાવવામાં આવે તે શક્ય છે.

પૃથ્વીનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. ૧૮૫૦થી અત્યાર સુધી જે નોંધ થતી આવે છે તેમાં સૌથી વધુ સરેરાશ તાપમાનવાળાં ત્રણ વર્ષો પૈકી ૨૦૧૦નું વર્ષ છે. ૨૦૦૧–૨૦૧૦નો દાયકો સૌથી વધારે ઉષ્ણ રહ્યો છે. ૧૯૬૧–૧૯૯૦ દરમિયાન સરેરાશ તાપમાન ૧૪ અંશ સેલ્સિયસ રહ્યું હતું તેની સરખામણીમાં ૨૦૧૦માં ૦.૫૫ અંશ સેલ્સિયસ વધારે માલૂમ પડ્યું છે. ૧૮૫૦ પછીનાં વર્ષોમાં જે ત્રણ વર્ષો સૌથી વધારે ઉષ્ણ રહ્યાં હતાં તેમાં ૨૦૧૦ ઉપરાંત ૧૯૯૮ અને ૨૦૦૫ હતાં. ૨૦૧૧ તો અત્યારથી એટલે કે ફેબ્રુઆરીથી જ અણસાર આવવા માંડ્યા છે. આ રીતે વૈશ્વિક તાપમાનના વધારાનું કારણ કાર્બન ડાયૉક્સાઇડ અને અન્ય ગ્રીનહાઉસ વાયુઓનો વાતાવરણમાં ઉમેરો છે. આ વાયુઓને વાતાવરણમાંથી દૂર કરવાની એક પદ્ધતિ 'જીઓએન્જિનિયરિંગ' છે; પરંતુ આ ઇજનેરીનું વિરાટ કામ છે.

આકાશમાં સફેદ વાદળાંઓ રચીને સૂર્યને ઢાંકી દેવો, કાર્બન ડાયૉક્સાઇડને શોષે તેવાં કૃત્રિમ વૃક્ષો ઊભાં કરવાં, કાર્બન ડાયૉક્સાઇડ શોષી લેતા સામુદ્રિક સૂક્ષ્મજીવો પ્લાન્કટનની વૃદ્ધિ કરવી વગેરે ઉપાયો જીઓએન્જિનિયરિંગમાં આવે છે.

તાજેતરમાં કેનકુનના કેરિબિયન રિસોર્ટ ખાતે દુનિયાના ૨૦૦ દેશોની સભા મળી હતી. તે સભામાં પણ અમેરિકા અને ઇંગ્લૅન્ડના પ્રતિનિધિઓએ ગ્લોબલ વૉર્મિંગ પર નિયંત્રણ કરવા જીઓએન્જિનિયરિંગ પર ભાર મૂક્યો હતો. તેમણે જીઓએન્જિનિયરિંગના અભ્યાસો વેગીલા કરવા પર ભાર મૂક્યો હતો. હવામાન-વિજ્ઞાની અને નોબેલ પુરસ્કારવિજેતા પોલ ક્રટ્ઝનના કહેવા પ્રમાણે સંયુક્ત રાષ્ટ્રોના હવામાન વિજ્ઞાનના નેટવર્ક – બધા વિકલ્પો – તપાસવાનો નિર્ણય કર્યો છે. અમેરિકામાં અને અન્યત્ર આ વિશે અનેક સંશોધનો આગળ વધી રહ્યાં છે. જીઓએન્જિનિયરિંગનો નિષેધ દૂર થયો. પોલ ક્રટ્ઝનના કહેવા પ્રમાણે આપણે આશ્ચર્યજનક રીતે કણોને

જીઓએન્જિનિયરિંગના માર્ગે આગળ વધ્યા છીએ. પોલ ક્રટ્ઝને જીઓએન્જિનિયરિંગ પર ૨૦૦૬માં વિજ્ઞાનલેખ લખ્યો હતો તેણે આ વિષયમાં લોકોમાં રસ જાગ્રત કર્યો હતો; પરંતુ પર્યાવરણવિદો પૂછે છે કે આવી આકરી પ્રક્રિયા કરવાનું નક્કી કરનાર વળી કોણ છે ? આ પ્રક્રિયાથી આખી દુનિયાના લોકોને અણધારેલાં પરિણામો ભોગવવાં પડે તેની જવાબદારી કોની ? પૃથ્વીના જીવમંડળ(બાયોસ્ફીયર)માં કૃત્રિમ રીતે મોટા બદલાવ લાવવાથી તેનાં પરિણામો શું આવશે તેનો વિગતવાર લાંબા ગાળા માટે અને ટૂંકા ગાળા માટે વિચાર કરવો જોઈએ. એક બાજુથી પૃથ્વીના વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓને મોટા પાયે ઉમેરીને તેમાં આપણે વિક્ષેપ સર્જી રહ્યા છીએ. આ ઉમેરણની પ્રક્રિયાઓ પર અંકુશ મૂકવાને બદલે તેનાથી થતી ગ્લોબલ વૉર્મિંગ જેવી હાનિકારક અસરો રોકવા પૃથ્વીના વાતાવરણ અને સમુદ્રમાં બદલાવ લાવી રહ્યા છે. આપણે ભૂલી જઈએ છીએ આ વાતાવરણ, આ સમુદ્રો અને આ વૃક્ષોના કારણે તો પૃથ્વી પર જીવસૃષ્ટિ છે. આપણા ઉદ્યોગો અને તેમાં પણ ખાસ કરીને વિકસિત દેશોના ઉદ્યોગો ધમધમતા રાખવા અને તેમાંથી ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ વાયુઓ પર અંકુશ મૂકવાના બદલે જેના કારણે પૃથ્વી પર જીવસૃષ્ટિ પાંગરી છે, વિકસી છે અને ટકી છે તેનામાં વિક્ષેપ સર્જી રહ્યા છીએ. પૃથ્વી પર જીવન બક્ષનારાં ઉપરોક્ત પરિબળોને બે બાજુથી માર પડવા જેવી આ વાત છે. તેથી પર્યાવરણવિદ સિલ્વિયા રીબેરો કહે છે કે આ (જીઓ-એન્જિનિયરિંગ) ખરેખર જોખમી વિકલ્પ છે. કેનકુનમાં બે અઠવાડિયાં સુધી ચર્ચા કરનાર ૧૯૩ રાષ્ટ્રોની – સંયુક્ત રાષ્ટ્રોની – આબોહવા સંધિ માટે બોલતાં તેમણે આ વિધાન કર્યું હતું. હજુ થોડાં વર્ષો પહેલાં જ જીઓએન્જિનિયરિંગને ઉપરછલ્લો વિચાર ગણવામાં આવતો હતો. વૈજ્ઞાનિકો અને ઇજનેરો માટે કાલ્પનિક રમતનું મેદાન કે વિજ્ઞાનકથા હતું.

ઉદ્યોગો, વાહનો અને કૃષિ દ્વારા ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ વાયુઓને કારણે દિવસ દરમિયાન પૃથ્વી પર આવતી સૂર્યની ગરમી રાત્રે અવકાશમાં ફેંકાવા સામે અવરોધ ઊભો થાય છે. વાતાવરણમાં રહેલા કાર્બન ડાયૉક્સાઇડ, મિથેન, નાઇટ્રોજન ઑક્સાઇડ વગેરે જેવા ગ્રીનહાઉસ વાયુઓ ગરમીને અવકાશમાં ફેંકાઈ જતી રોકે છે. તેથી પૃથ્વીનું સરેરાશ તાપમાન વધે છે. તેને ગ્લોબલ વૉર્મિંગ કહે છે. આના ઉકેલ પેટે જીઓએન્જિનિયરિંગમાં એવો વિચાર છે કે દિવસ દરમિયાન આવતી સૌર ઊર્જા સાથે અવરોધ ઊભો કરી તેમાં ઘટાડો કરીએ તો કેમ ? પૃથ્વી સુધી સૌર ઊર્જા જ ઓછી પહોંચતી હોય તો ગ્લોબલ વૉર્મિંગ આપોઆપ ઘટી જાય.

એવી અધિયોજના તરતી મૂકવામાં આવી કે હવાઈ જહાજનો ઉપયોગ કરીને, બલૂનોનો ઉપયોગ કરીને કે મોટી તોપનો ઉપયોગ કરીને નિમ્ન વાતાવરણમાં સલ્ફેટ

ફેલાવવામાં આવે. તે સલ્ફેટ સૌર ઊર્જાને પરાવર્તિત કરે. આમ સૌર ઊર્જાનો અમુક ભાગ પૃથ્વી સુધી પહોંચે જ નહીં.

અન્ય કેટલાકે એવું સૂચન કર્યું કે અવકાશમાં વિરાટ અરીસાઓ કક્ષામાં મૂકીને સૌરની વિકિરણ ઊર્જાને પૃથ્વી પર આવતી ખાળી શકાય. હજુ અન્ય વૈજ્ઞાનિકોએ વિચાર મૂક્યો અને એક જર્મન વૈજ્ઞાનિકે તો પ્રયોગ પણ કર્યો. વાતાવરણનો કાર્બન ડાયૉક્સાઇડ પ્લાન્કટન શોષી લેતા હોવાથી મહાસાગરમાં પ્લાન્કટન નામના સૂક્ષ્મજીવોની બહોળી વૃદ્ધિ થાય તે માટે મહાસાગરની સપાટી પર લોહ અને પોષક તત્ત્વોનો છંટકાવ કર્યો.

આમ આકાશ, સમુદ્ર અને ભૂમિ ત્રણેયને જીઓએન્જિનિયરિંગની પ્રક્રિયાથી આવરી લેવાના વિચારો છે. તે ઘણી બધી રીતે જુદા પડતા હોય છે. એક વિચાર એવો છે કે મહાસાગરના વાદળ પર સમુદ્રના મીઠાનો જ છંટકાવ કરી તેમને ચળકતા અને પરાવર્તનશીલ બનાવવા, તેને સફેદ વાદળ કહે છે. આ વાદળો સૂર્યમાંથી આવતી વિકિરણ ઊર્જાને ઉપર તરફ પરાવર્તિત કરે છે.

બીજો એક વિચાર વિશાળ વેરાન જમીનમાં અમેરિકન એલો(કુંવારપાઠા)નો જેમાં સમાવેશ થાય છે તેવી એગાર્વ વનસ્પતિ જેને ‘ટેક્વિલા પ્લાન્ટ’ કહે છે તેનું વાવેતર કરવાની વાત છે. આ વનસ્પતિ વર્ષો સુધી કાર્બનનો પોતાનામાં સંગ્રહ કરે છે. વળી આડેધડ ઊગે છે જ્યાં જંગલો ઊગી શકતાં નથી. આ ઉપરાંત કૃત્રિમ વૃક્ષો સ્થાપવાની વાત છે. આ વૃક્ષો માટે જરૂરી રસાયણવિજ્ઞાન અને યંત્રણા વિકસાવવાની જરૂર છે, જે તે હવામાંથી કાર્બન ડાયૉક્સાઇડનું શોષણ કરે અને તેનો સંગ્રહ કરે.

અગાઉ જણાવેલ નિમ્ન વાતાવરણ એટલે કે સમતાપમંડળ (સ્ટ્રેટોસ્ફીયર) નામના વાતાવરણના સ્તરોમાં સલ્ફેટ કણોની છંટકાવ કરવાની પરિયોજના તજજ્ઞોને સૌથી વધારે સાધ્ય લાગી છે. અમેરિકાની સરકારના નૅશનલ સેન્ટર ફૉર એટ્મોસ્ફેરિક રિસર્ચ દ્વારા તેની અસરની આકારણી કરવા ‘કમ્પ્યૂટર મૉડેલિંગ’ કરવામાં આવી રહ્યું છે.

બીજી બાજુ અમેરિકાનું કોલારાડો સેન્ટર મહાસાગર પરના સ્ટ્રેટોક્યુમ્યુલસ (સ્તરી કપાસી મેઘ) વાદળોને ચળકતાં કરવા સમુદ્રનાં પાણીનાં બિંદુઓનો ઉપયોગ કરવા પર સંશોધન કરી રહેલ છે.

આમ જીઓએન્જિનિયરિંગના ઉપયોગ અંગે અનેક વિચારો છે, દરખાસ્તો છે, પરિયોજનાઓ છે અને સંશોધનો છે. ગ્લોબલ વૉર્મિંગને ધીમાં પાડવાં કે ઘટાડવાનો તે એક રસ્તો થઈ શકે તેમ કેટલાક વૈજ્ઞાનિકો માને છે.

**– વિહારી છાયા**

# વસ્તીગણતરી – ૨૦૧૧

નિયત સમયગાળા દરમિયાન દેશની લોકવસ્તી અંગેનું વાસ્તવિક ચિત્ર ઊભું કરવા માટે હાથ ધરવામાં આવતી શાસકીય ઝુંબેશ. ઇતિહાસ દર્શાવે છે કે પ્રાચીન સમયમાં ઈ. સ. પૂ. બીજા કે ત્રીજા સૈકામાં ત્યાંના ન્યાયાધીશો પ્રજા પાસેથી કરવેરા ઉઘરાવવા માટે તેમજ પુખ્ત ઉંમરના સશક્ત પુરુષોને દેશના લશ્કરમાં ફરજિયાત દાખલ કરવા માટે દેશના અમુક વિસ્તારોમાં વસ્તીગણતરીનું આયોજન કરતા હતા. ભારત જેવા જે દેશોએ દેશના આર્થિક વિકાસ માટે આર્થિક આયોજનની રાહ પસંદ કરી છે તે દેશોમાં વસ્તીગણતરીના ઉદ્દેશોનો વિસ્તાર થયો છે. દા.ત., જુદા જુદા વર્ગો માટે કલ્યાણયોજનાઓ અસરકારક રીતે દાખલ કરવી હોય તો તે માટે તે વર્ગની નિશ્ચિત સંખ્યા કેટલી છે તેનું માપ વસ્તીગણતરી દ્વારા કાઢી શકાય તેમ છે. ભારતમાં ૧૮૭૨થી લગભગ દર દસ વર્ષે ૧૯૪૧ બાદ કરતાં વસ્તીગણતરીની ઝુંબેશ દેશની સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે. વસ્તીગણતરી પાછળ ઘણા ઉદ્દેશો હોય છે :

(૧) દેશમાં પ્રજાને સ્પર્શતા જે કાયદા વખતોવખત ઘડવામાં આવે છે તે અમુક વર્ગ માટે હોય તો તે વર્ગમાં પ્રજાજનોની સંખ્યા કે પ્રમાણ કેટલું છે તેની નક્કર માહિતી સરકાર પાસે હોવી જોઈએ. (૨) દેશની પ્રજામાં ઉત્પાદકીય શ્રમ, બિનઉત્પાદકીય શ્રમ, રોજગાર ધરાવતા શ્રમિકો કેટલા છે, તે રોજગારનું સ્વરૂપ કેવું છે, દેશમાં રોજગાર મેળવવા ઇચ્છતા છતાં બેકારી ભોગવતા પ્રજાજનો કેટલા છે, સમાજમાં કામ ન કરી શકે તેવાં બાળકો, વૃદ્ધો, અપંગ, માંદા ઇત્યાદિ કેટલાં છે, આવી બાબતોની માહિતી સરકાર પાસે હોય તો પ્રજાના કલ્યાણ માટેની સરકારી યોજનાઓનો અમલ અસરકારક રીતે થઈ શકે. (૩) દેશના લશ્કરમાં ફરજિયાત ભરતી કરવી પડે ત્યારે દેશમાં સશક્ત યુવા વર્ગમાં ગણાતા કેટલા નાગરિકો છે તેનો ચોક્કસ અંદાજ વસ્તીગણતરીના આંકડાઓ પરથી મેળવી શકાય. (૪) આર્થિક આયોજન હેઠળ ક્ષેત્રીય સમતુલા જાળવવી હોય; કોઈ એક વર્ષે દુષ્કાળની સ્થિતિ ટાળવા માટે કુલ કેટલા અનાજની દેશને જરૂર પડશે; બેકારી-ઉન્મૂલનના કાયદા અમલમાં મૂકવા હોય તો તે માટે નાણાંની કેટલી ફાળવણી યોજનાદીઠ કરવી પડશે તે વસ્તીગણતરીના આંકડા દ્વારા લગભગ ચોક્કસ ગણાય તેટલા અંદાજી શકાય. (૫) કેટલીક યોજનાઓ અને આર્થિક રાહતો દેશના અમુક જ વર્ગ માટે સરકાર દ્વારા ઘડાતી હોય છે ત્યારે દેશમાં તે વર્ગનાં સ્ત્રી-પુરુષો કેટલાં છે, તેમની વયજૂથ કેવી છે આ પ્રકારની માહિતી વસ્તીગણતરીના આંકડાઓ દ્વારા મેળવી શકાય. (૬) વસ્તીગણતરી દ્વારા જન્મ-મૃત્યુનું પ્રમાણ, સાક્ષરતા-નિરક્ષરતાનું પ્રમાણ, બાળમૃત્યુનું પ્રમાણ, જન્મસમયે જીવતાં જન્મેલાં બાળકોનું સરેરાશ આયુષ્ય (span of life); સ્ત્રી-પુરુષ વચ્ચેનું પ્રમાણ જેવી મહત્ત્વની બાબતોનો અંદાજ વસ્તીગણતરી દ્વારા

કરી શકાય તેમ છે. (૭) વસ્તીગણતરી દ્વારા પ્રાપ્ત થયેલ આંકડાઓ કેટલાક વ્યવસાયોના ભવિષ્યના આયોજન માટે પણ કામ આવી શકે તેવા હોય છે. દા.ત., બાંધકામ-ઉદ્યોગ, પ્રવાસન-ઉદ્યોગ, વીમા-ઉદ્યોગ વગેરે.

ભારતમાં શરૂઆતનાં વર્ષોમાં યોજાયેલી વસ્તીગણતરી માત્ર 'માથાં ગણવાં' (Head count) પૂરતી જ મર્યાદિત હતી, પરંતુ ત્યારપછીની વસ્તીગણતરીમાં તેનો વિસ્તાર કરવામાં આવ્યો છે અને દરેક વ્યક્તિ પાસેથી તેના વિષે અને તેના કુટુંબના સભ્યો વિશે વધુમાં વધુ માહિતી મેળવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ પૂર્વેની વસ્તીગણતરીમાં માત્ર વ્યક્તિની ઉંમર જ પૂછવામાં આવતી પરંતુ વર્ષ ૨૦૧૧માં જન્મતારીખ, જન્મસ્થળ, વ્યક્તિનું એક જગ્યાથી બીજી જગ્યાએ સ્થળાંતર, સ્થળાંતરનાં કારણો જેવી માહિતી પણ નોંધવામાં આવે છે. રોજગાર કરનાર વ્યક્તિ તેના નિવાસના સ્થળેથી કામના સ્થળે કેવી રીતે જાય છે ? પગપાળા, સાઇકલ પર, બે પૈડાંવાળાં યાંત્રિક વાહન પર કે ચાર પૈડાંવાળાં મોટરગાડી જેવા વાહન પર આ અંગેની માહિતી પણ નોંધવામાં આવે છે. તેવી જ રીતે પરિણીત સ્ત્રી-પુરુષોમાં પતિ-પત્ની સાથે રહે છે કે છૂટાછેડા લીધા છે કે છૂટાછેડા વગર જુદાં રહે છે – આવી માહિતી પણ પૂછવામાં આવે છે. શિક્ષિત નાગરિકોમાં તેનું ભણતર કેટલું, કઈ વિદ્યાશાખામાં, સર્ટિફિકેટ, ડિપ્લોમા કે ડિગ્રી કે તેનાથી પણ આગળ વિશિષ્ટીકરણ સુધી થયું છે કે કેમ એ પણ નોંધવામાં આવે છે.

૨૦૧૧ની વસ્તીગણતરીની શરૂઆતના તબક્કામાં વ્યક્તિની જાત કે જ્ઞાતિ (caste) વિશે કોઈ વિગતો ભેગી કરવાનો હેતુ ન હતો; પરંતુ કેટલાક રાજકીય પક્ષોએ તેની માગણી કરતાં હવે બીજા તબક્કામાં તે અંગેની માહિતી પણ ભેગી કરવામાં આવી રહી છે.

૨૦૧૧ની વસ્તીગણતરીમાં 'પુરુષ' અને 'સ્ત્રી' ઉપરાંત એક વધારાની કૉલમનો ઉમેરો થયો છે અને તે કૉલમ છે 'અન્ય' ('other'), એટલે કે 'નપુંસક' કે 'હીજડો'. આ વર્ગના લોકોને ૨૦૧૧ની વસ્તીગણતરીમાં સ્થાન આપવામાં આવ્યું છે. કેટલાંક મકાનોમાં પેટાભાડવાતો, 'પેઇંગ ગેસ્ટ' જેવા માણસો રહેતા હોય છે તેમની માહિતી પ્રાપ્ત કરવામાં ગણતરી કરનાર માટે (enumerators) મુશ્કેલી ઊભી થતી હોય છે, આવી માહિતી સામાન્ય રીતે કરચોરીના સંદર્ભમાં છુપાવવામાં આવતી હોય છે. વસ્તીગણતરી કરનાર માણસો આ માહિતી કુનેહ દ્વારા મેળવવાનો પ્રયાસ કરતા હોય છે.

૨૦૧૧ની વસ્તીગણતરી માટે દેશની ૧૬ ભાષાઓમાં ૩૫ કરોડ ફૉર્મ છાપવામાં આવ્યાં છે; માહિતી ભેગી કરવા માટે ૨૫ લાખ માણસો (enumerators) રોકવામાં આવ્યા છે; આ ગણતરી દરમિયાન છ લાખ ગામડાંઓ અને ૭૫૦૦ ગામોમાં રહેતાં ૨૪ કરોડ

(અનુસંધાન સોળમા પાને)

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે માર્ચ મહિનામાં બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૬ માર્ચ, ૨૦૧૧, બુધવાર** : વિષય : કવિ અને કવિતાનું સાંનિધ્ય
વક્તા : શ્રી રાજેન્દ્ર શુક્લ

**૨૩ માર્ચ, ૨૦૧૧, બુધવાર** : વિષય : મારા અનુભવો
વક્તા : શ્રી સુરેશ સોની

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૨૬ માર્ચ, ૨૦૧૧, શનિવાર, સાંજે ૫-૩૦ વાગ્યે :** કાવ્યસંગીતશ્રેણી અન્વયે શ્રી અમર ભટ્ટ સુન્દરમ્‌નાં ગીતો પ્રસ્તુત કરશે. આ પ્રસંગે કવિશ્રી સુન્દરમ્‌નાં પુત્રી સુધા સુન્દરમ્ ઉપસ્થિત રહેશે.

## વિશ્વકોશમાં યોજાયેલ પરિસંવાદો

◈ **૧૧ માર્ચ, ૨૦૧૧, શુક્રવાર, સવારે ૯-૩૦ વાગ્યે :** ગુજરાત સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી જન્મશતાબ્દી અન્વયે એક-દિવસીય રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું ઉદ્‌ઘાટન શ્રી ધીરુભાઈ ઠાકર કરશે. અતિથિવિશેષપદે શ્રી રઘુવીર ચૌધરી અને પ્રમુખસ્થાને શ્રી ભોળાભાઈ પટેલ રહેશે. આ પ્રસંગે શ્રીધરાણીનાં નાટકોમાંથી શ્રી પ્રવીણ પંડ્યા અને કલાકારો નાટ્યપ્રસ્તુતિ કરશે તેમજ શ્રી અમર ભટ્ટ શ્રીધરાણીનાં ગીતો રજૂ કરશે.

◈ **૧૩ માર્ચ, ૨૦૧૧, રવિવાર, સવારે ૧૦-૦૦ વાગ્યે :** વિવિધ સંસ્થાઓના ઉપક્રમે માતૃભાષામાં શિક્ષણ અંગે તેમજ પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજ કક્ષાએ ગુજરાતી ભાષા-સાહિત્યના શિક્ષણ અંગે શ્રી રવીન્દ્ર દવેના અધ્યક્ષસ્થાને એક-દિવસીય પરિસંવાદ.

---

(પંદરમા પાનાનું ચાલુ)

કુટુંબોની પૂછપરછ કરવામાં આવશે અને તેના પર રૂ. ૨,૨૦૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

આ સમગ્ર પ્રવૃત્તિની મુખ્ય ક્ષતિ એ છે કે તેમાં કાયમી ધોરણે માંદા હોય તેવા નાગરિકો અને તેમને તેમની માંદગી પર કરવા પડતા ખર્ચ અંગે પ્રશ્નાવલીમાં કોઈ સ્થાન આપવામાં આવેલું નથી. અન્યથા દેશનું સ્વાસ્થ્ય-સર્વેક્ષણ પણ ભેગાભેગું થઈ ગયું હોત.

સમગ્ર વસ્તીગણતરીના અંતે દેશના દરેક નાગરિકને એક અનન્ય ઓળખપત્ર (Unique Identity Card) આપવામાં આવશે.

**– બી. એમ. મૂળે**